# સોરઠ ઈન્ટરનેશનલ સ્કુલ, વંથલી રોડ,જુનાગઢ

## વિષય : સામાજિક વિજ્ઞાન

પેપર – 3

વિભાગ – A (24 ગુણ)

**➔ નીચે આપેલા પ્રશ્ન નં.:- 1 થી 24 ના માગ્યા મુજબ જવાબ આપો: (દરેકનો એક ગુણ)**

**♦ યોગ્ય જોડકા જોડો:**

| A | B |
|---|---|
| 1) બુદ્ધની પ્રજ્ઞાપારમીતાનું શિલ્પ | A) નૃત્યકલાનો ઉત્કૃષ્ટ નમુનો |
| 2) અકીક કામ | B) ખેડબ્રહ્મા |
| 3) બ્રહ્માજી મંદિર | C) મૌર્યયુગ |
| 4) મહાદેવ નટરાજનું શિલ્પ | D) ખંભાત અને રાણપુર |
| 5) બોધાયન | E) ડભોઇ |
| | F) પ્રમેય(ત્રીકોણમીતી)નો સિધ્ધાંત |

**♦ નીચેના વિધાનો ખરા છે કે ખોટા તે જણાવો.**

6) ભારતમાં સૌપ્રથમ રેલ્વે ઈ.સ.1958માં મુંબઈથી થાણા વચ્ચે શરૂ થઈ.
7) દેશમાં આજે આકાશવાણીના 415 સ્ટેશનો છે.તેના દ્વારા 23 ભાષામાં કાર્યક્રમો પ્રસારિત થાય છે.
8) ભારતમાં પશુ – પક્ષીઓની કુલ 81,251 જેટલી પ્રજાતિઓ છે.
9) ભારતની આબોહવા જ વિશ્વમાં તેની વિશિષ્ટ ઓળખ છે.
10) ઈ.સ.1980માં વન્યજીવો લગતો કાયદો અમલમાં આવ્યો છે.

**♦યોગ્ય વિકલ્પ પસંદ કરી ખાલી જગ્યા પૂરો.**

11) કાવેરી નદીમાંથી ગ્રાન્ટ એનીકટ નામે જાણીતી નહેરનું નિર્માણ ......... માં થયું હતું. (ત્રીજી સદી ,બીજી સદી, ચોથી સદી)
12) આધુનિક મકાનો,કારખાના, સડકો , બંધોના નિર્માણકાર્ય માટે ......... અનિવાર્ય ઘટક છે. (પ્લાસ્ટિક, એલ્યુમીનીયમ , સિમેન્ટ)
13) દેશના 60% કરતા વધારે લોકો રોજગારી માટે .........પર આધારિત છે. (ખેતી,વ્યાપાર, શિક્ષણ)
14) અષ્ટાધ્યાયીગ્રંથના રચયિતા મહાન .......... હતા. (ગણિતશાસ્ત્રી,જ્યોતિષશાસ્ત્રી, વ્યાકરણશાસ્ત્રી)
15) શ્રી હેમચંદ્રાચાર્ય ગ્રંથાલય ...........ખાતે આવેલું છે. (દિલ્હી, અમદાવાદ, પાટણ)

**♦નીચેના પ્રશ્નોના આપેલા વિકલ્પોમાંથી સાચો વિકલ્પ પસંદ કરી જવાબ આપો.**

16) કઈ નીતિથી વિકાસશીલ દેશોને આંતરરાષ્ટ્રીય હરીફાઈમાં ટકી રહેવાની શક્તિ મળે છે?
A) રાષ્ટ્રીયકરણ B) રાજકીયકરણ C) કૃષિકરણ D) વૈશ્વિકીકરણ
17) અર્થતંત્રમાં નાણાના પુરવઠામાં વધારો થવા માટે કયું પરિબળ જવાબદાર નથી?
A) ખાદ્ય પુરવણી B) નાણાનો ચલણવેગ C) શાખ વિસ્તરણ નીતિ D) નાણાની માંગ
18) ભારતમાં તમામ નાગરીકોને સમાનતા અને ન્યાયની બાહેંધરી કોણ આપે છે?
A) સરકાર B) કાયદો C) બંધારણ D) આવક
19) ભારતીય સમાજમાં પરિવર્તન લાવનારું મુખ્ય પરિબળ કયું છે?
A) રૂઢિઓ – પરંપરાઓ B) લોકમત C) પશ્ચિમીકરણ D) સાક્ષરતા
20) પૃષ્ઠીય જળનો મુખ્ય સ્ત્રોત કયો છે?
A) નદીઓ B) તળાવો C) વૃષ્ટિ D) સરોવરો

**♦ નીચેના પ્રશ્નોના સંક્ષિપ્તમાં જવાબ આપો.**

21) રઘુવંશના રચયિતા કોણ છે?
22) કુદરતનો સફાઈ કામદાર કોણ છે?
23) અનાજનો રાજા કોણ ગણાય છે?
24) હીરાકુંડ – યોજના ક્યાં રાજ્યમાં આવેલી છે?

વિભાગ – B (18 ગુણ)

**➔ નીચે આપેલા પ્રશ્ન નં.:- 25 થી 37 ના ટૂંકમાં ઉત્તર લખો: (દરેકનાં બે ગુણ) (13 માંથી કોઈપણ 09)**

25) ભારતના પ્રાકૃતિક અને સંસ્કૃતિક વારસાના તફાવતના બે – બે મુદ્દા લખો.
26) નેગ્રીટો પ્રજા વિશે ટૂંકી માહિતી આપો.
27) ભારતની એક કલા તરીકે ચર્મઉદ્યોગનો પરિચય આપો.
28) ભરતનાટ્યમ નૃત્યશૈલીનો પરિચય આપો.
29) અમદાવાદમાં આવેલા સાંસ્કૃતિક વારસાના સ્થળોની યાદી બનાવો.
30) આગરાના કિલ્લા વિશે માહિતી આપો.

31) વાઘ પરીયોજના વિશે માહિતી આપો.
32) ચૂનાના પથ્થરના ઉપયોગો જણાવો.
33) કોલસો કેવી રીતે બન્યો? તે જણાવો.
34) ભારતનો શણ ઉદ્યોગ કઈ કઈ સમસ્યાઓનો સામનો કરી રહ્યો છે?
35) ખાંડ અને ખાંડસરીના કારખાના ક્યાં સ્થાપાયા છે? શા માટે?
36) નબળા વર્ગો માટે બંધારણમાં શા માટે વિશિષ્ટ જોગવાઈઓ કરવામાં આવી છે?
37) ત્રિપુરામાં ક્યાં બળવાખોર સંગઠનો સક્રિય છે?

વિભાગ – C (18 ગુણ)

**➔ નીચે આપેલા પ્રશ્ન નં.:- 38 થી 46 ના મુદ્દાસર ઉત્તર લખો: (દરેકનાં ત્રણ ગુણ) (09 માંથી કોઈપણ 06)**


38) ટૂંકનોંધ લખો. – ભારતના જૈન મંદિરો (દેરાસરો)
39) "ગુપ્તયુગ ભારતીય કલાનો સુવર્ણયુગ" શાથી કહેવાય છે?
40) વલ્લભી વિદ્યાપીઠ વિશે માહિતી આપો.
41) શબ્દ સમજાવો. – સંસાધન
42) ઉત્પાદનના સાધનો ક્યાં – ક્યાં છે? તેની માહિતી આપો.
43) વિશ્વ વ્યાપાર સંગઠનના ધ્યેયો જણાવો.
44) ભાવવૃદ્ધિના કારણો વિશે વિસ્તારપૂર્વક માહિતી આપો.
45) આપણી આસપાસમાં જોવા મળતી કઈ – કઈ બાબતો દેશના માનવવિકાસ આંકને અસર કરે છે?
46) ટૂંકનોંધ લખો. – આતંકવાદ : એક વૈશ્વિક સમસ્યા

વિભાગ – D (20 ગુણ)

**➔ નીચે આપેલા પ્રશ્ન નં.:- 47 થી 53 ના સવિસ્તાર ઉત્તર લખો: (દરેકનાં ચાર ગુણ) (07 માંથી કોઈપણ 04)**

**➔ પ્રશ્ન નં.:- 54 ફરજિયાત છે.**

47) એક પ્રયોગાત્મક વિજ્ઞાન તરીકે રસાયણિક વિદ્યાનો પરિચય આપો.
48) પ્રાચીન ભારતનું ખગોળશાસ્ત્ર નોંધ લખો.
49) નીચે આપેલ ચિત્ર ભારતના મુખ્ય એક તેલીબીયા પાકનું છે. તે કયો પાક છે? તે પાકની વિસ્તૃત માહિતી આપો.



50) ભારતમાં કૃષિક્ષેત્રે થયેલા સંસ્થાગત સુધારા વર્ણવો.
51) વિશ્વ શ્રમ 'બજાર' વિશે વિસ્તૃત નોંધ તૈયાર કરો.
52) 'માં અન્નપુર્ણા યોજના' વિશે માહિતી આપો.
53) વૃધ્ધોના રક્ષણ અને કલ્યાણ માટે સરકારે કઈ – કઈ જોગવાઈઓ કરી છે?
54) નકશો :- 1. કાળી જમીન ધરાવતું રાજ્ય 2. પેરિયાર રાષ્ટ્રીય ઉદ્યાન 3. ચા પકવતો એક પ્રદેશ
4. દિલ્હીથી કલકતા જતો રેલમાર્ગ(જંકશન) સાથે